લોકપ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સામે વડોદરામાં જન આક્રોશ ફાટી નીકળ્યો

બહુચરાજી સ્મશાન વિવાદ: કામ શરૂ કરો નહીંતર ઉગ્ર આંદોલન, મહારાષ્ટ્રીયન સમાજની કડક ચેતવણી

વર્ષ 2023માં આપેલી ખાતરી હજુ અધૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

સંસ્કારી નગરી વડોદરામાં વસતા મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા શહેરના બહુચરાજી સ્મશાન ખાતે પિંડદાન વિધિ માટે ફાળવવામાં આવેલી જગ્યાના અધૂરા કામકાજને લઈને ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી આ કામ અટવાયેલું હોવાથી અને તંત્ર દ્વારા વારંવાર આપવામાં આવેલી ખાતરીઓ પોકળ સાબિત થતા હવે સમાજે આક્રમક વલણ અપનાવ્યું છે.

વડોદરાના બહુચરાજી સ્મશાનમાં મહારાષ્ટ્રીયન જ્ઞાતિની પરંપરા મુજબ કરવામાં આવતી 'દસપિંડ' વિધિ માટે ખાસ જગ્યા ફાળવવામાં આવી હતી. મહારાષ્ટ્ર સમાજના આગેવાના જણાવ્યા અનુસાર, આ કામ છેલ્લા ત્રણ વર્ષથી અધૂરું છે. વર્ષ 2023માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને તત્કાલીન સાંસદ રંજનબેન ભટ્ટે આ કામ વહેલી તકે પૂર્ણ કરવાની લેખિત કે મૌખિક ખાતરી આપી હતી. જોકે, આશ્વાસનો આપ્યાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં સ્થિતિ જૈસે-થે જોવા મળી રહી છે.

આ મુદ્દે સમાજના આગેવાન રોષે ભરાતા જણાવ્યું હતું કે, વર્તમાન સાંસદ હેમાંગ જોશી તેમજ વિસ્તારના વિવિધ કોર્પોરેટરોને પણ અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, તંત્ર કે લોકપ્રતિનિધિઓ દ્વારા આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વડોદરામાં મહારાષ્ટ્રીયન સમાજની વસ્તી બીજા ક્રમે હોવા છતાં, અંતિમ સંસ્કાર જેવી સંવેદનશીલ બાબતોમાં પણ સમાજની સતત અવગણના કરવામાં આવતી હોવાનો આક્ષેપ તેમણે કર્યો છે.

તંત્રની નિષ્ક્રિયતા સામે લડત આપવા માટે હવે મહારાષ્ટ્રીયન સમાજે રણશિંગુ ફૂંક્યું છે. મહારાષ્ટ્ર સમાજના આગેવાનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી બુધવાર સુધીમાં સ્મશાનમાં અટવાયેલું કામ ફરી શરૂ કરવામાં નહીં આવે, તો સમગ્ર મહારાષ્ટ્રીયન સમાજ એકત્ર થઈને ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે. જેની તમામ જવાબદારી વડોદરા મહાનગરપાલિકા અને વહીવટી તંત્રની રહેશે.

રેલવે દ્વારા વિશ્વ કક્ષાની મુસાફરોની સુવિધાઓ અને સ્વચ્છતામાં સુધારો

બુલેટ ટ્રેન પ્રોજેકટમાં વિશ્વામિત્રી અને મહી સહિત 17 નદીઓ પર પુલ પ્રગતિમાં

મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ બાંધકામ ખર્ચમાં વૈશ્વિક બેન્ચમાર્ક હાંસલ કરી રહ્યો છે : રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ ભારતના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ તરીકે ઝડપથી આગળ વધી રહ્યો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંસદમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ બાંધકામ ખર્ચના મામલે વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યો છે, જે ભારત માટે ગૌરવની વાત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજનું ભારત મહત્વાકાંક્ષી અને વિકાસશીલ દેશ છે, જ્યાં રેલ વિકાસ દરેક નાગરિકની અપેક્ષા બની ગયો છે.

આ પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. 300 કિલોમીટરથી વધુ વાયડક્ટ્સનું બાંધકામ પૂર્ણ થયું છે, જ્યારે 435 કિલોમીટર પાયાનું કામ અને 426 કિલોમીટર પિયરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, 338 કિલોમીટર ગર્ડર લોન્ચિંગ, 168 કિલોમીટર ટ્રેક ઈન્સ્ટોલેશન અને 146 કિલોમીટર ઓવરહેડ સાધનોનું કામ પૂર્ણ થયું છે. પ્રોજેક્ટ અંતર્ગત વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ અને સાબરમતી જેવા મહત્વપૂર્ણ સ્ટેશનોનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે.

આ ઉપરાંત તાપી, કીમ, નર્મદા, વિશ્વામિત્રી અને મહી સહિત 17 નદીઓ પર પુલોના નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. ભારતની પ્રથમ અંડરસી રેલ ટનલનું કામ પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટને 2027 સુધી તબક્કાવાર શરૂ કરવાની યોજના છે, જેમાં ટ્રેનો 350 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે અને મુંબઈ-અમદાવાદ વચ્ચેનું અંતર બે કલાકથી ઓછા સમયમાં પાર થશે. ગુજરાતમાં અન્ય રેલ પ્રોજેક્ટ્સ પણ પ્રગતિમાં છે, જેમ કે દેસલપુર-હાજીપીર-લુણા અને વાયોર-લખપત લાઈનો, જે કચ્છના રણ વિસ્તારમાં કનેક્ટિવિટી વધારશે. રેલ્વે મંત્રીએ મુસાફરોને સસ્તી અને સુલભ મુસાફરી પ્રદાન કરવા પર પણ ભાર મૂક્યો હતો. 70% કોચ સામાન્ય અને સ્લીપર વર્ગના છે. સરકાર દર વર્ષે આશરે 60,000 કરોડ રૂપિયાની સબસિડી આપે છે, જે મુસાફરોને સરેરાશ 45 ટકા રાહત આપે છે. ટેકનોલોજીના ઉપયોગમાં પણ વધારો થયો છે. 'રેલવન' એપ લોકપ્રિય બની છે અને તેમાં લાખો વપરાશકર્તાઓ જોડાયા છે. સાથે સાથે ટિકિટ બુકિંગ સિસ્ટમમાં આધુનિકીકરણ અને ટ્રેનોમાં સ્વચ્છતા સુધારવા માટે નવી પહેલો શરૂ કરાઈ છે. આ રીતે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

અપહરણ વિથ પોક્સોના ગુનાના આરોપીને 20 વર્ષની સજા ફટકારાઈ

મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીએ સગીરાને રૂપિયા 1 લાખ વળતર ચુકવવા માટે પણ આદેશ કર્યો

(પ્રતિનિધ) વડોદરા તા.18

અપહરણ વિથ પોક્સોના ગુનામાં આરોપીને મેજિસ્ટ્રેટ દ્વારા તકસીરવાન ઠેરવીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત આરોપીએ સગીરાને વળતર પેટે રૂપિયા 1 લાખ ચુકવવા માટેનો પણ આદેશ કરાયો છે.

વડોદરા જિલ્લાના અંકોડીયા ગામે વ્રજધામ સોસાયટીમાં રહેતા નિલેશ છત્રસિંહ સોલંકી દ્વારા મોડી રાત્રીના સમયે 14 વર્ષીય સગીરાના લગ્નની લાલચ આપીને ભગાડી ગયો હતો. ત્યારે પાડોશી સગીરાને ભગાડી જનાર જોઈને ગયો હતો. ત્યારે મોડી રાતના સમયે સગીરાના પિતા સહિતના પરિવારના સભ્યોને જગાડ્યાં હતા. ત્યારે સગારી ઘરમાં હાજર ન હતી. જેથી પરિવારના સભ્યો દ્વારા ઘરની આસપાસમાં ઘણી શોધખોળ કરી હતી પરંતુ સગીરાનો કોઈ પતો લાગ્યો ન હતો. જેથી પિતાએ જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સગીરા તથા તેને ભગાડી જનાર નિલેશ છત્રસિંહ સોલંકીને શોધી કાઢ્યા હતા.

પોલીસ દ્વારા પોક્સોની કલમ હેઠળ આરોપીની ધરપકડ કરી જેલો ભેગો કરી દીધો હતો.ત્યારે તપાસ કરનાર પોલીસ અધિકારીના દ્વારા રજૂ કરવામાં પુરાવા તથા આરોપી તેમજ ફરિયાદ પક્ષના વકીલો દ્વારા ધારદાર દલીલો કરાઈ હતી. જેનો કેસ શકુંતલા નરેશ સોલંકી ફોસ્ટ્રેક સ્પેશિયલ કોર્ટ (પોક્સો) અધિક સત્ર ન્યાયાધીશ વડોદરાની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યારે બંને પક્ષોની દલીલોને ધ્યાને લઈને મેજિસ્ટ્રેટ દ્વારા નિલેશ સોલંકીને તકસીરવાન ઠેરવીને 20 વર્ષની સજા તથા ભોગ બનનાર સગીરાને આરોપીએ રૂપિયા 1 લાખ વળતર પેટે ચુકવવા માટેનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

નાણા ન આપતા ખોટા ચેક કેસમાં ફસાવવાની અને ઉઠાવી જવાની ધમકી

વેપારી પાસેથી વ્યાજખોરોએ 1 કરોડ સામે 1.41 કરોડ વસૂલ્યા છતાં 50 લાખની પઠાણી ઉઘરાણી

ગોરવા વિસ્તારના હોટલ સંચાલકે પોલીસ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા. 18

ગોરવા વિસ્તારમાં હોટલ ચલાવતા એક વેપારીને વ્યાજખોરોએ ભારે હેરાનગતિ આપ્યાનો બનાવ સામે આવ્યો છે. વેપારીએ જરૂરિયાત સમયે દિનેશ પરમાર પાસેથી રૂપિયા 1 કરોડ જેટલી રકમ 2 ટકા માસિક વ્યાજે લીધી હતી. આ રકમ સામે વેપારીએ વ્યાજ અને મુડી મળીને કુલ રૂ. 1.41 કરોડ જેટલી રકમ ચુકવી દીધી હોવા છતાં વ્યાજખોરો દ્વારા વધુ 50 લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી. રૂપિયા ન આપતા ખોટા ચેકના કેસમાં ફસાવી દેવાની તેમજ ઉઠાવી લઈ જવાની ધમકીઓ આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મૂળ બનાસકાંઠાના અને હાલ ફતેગંજ વિસ્તારમાં રહેતા ઈમ્તિયાઝઅલી અલજીભાઈ મરેડિયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ 2020માં તેઓ ગોરવા સ્થિત પંચવટી સર્કલ પાસે ઓરા સ્કવેર કોમ્પ્લેક્ષના પ્રથમ માળે "લક્ઝરી એલી રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ" નામે હોટલ ચલાવતા હતા. આ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર દિનેશભાઈ પરમારની દુકાન હોવાથી તેઓ સાથે ઓળખાણ થઈ હતી.

વર્ષ 2021માં નાણાંકીય જરૂરિયાત ઊભી થતાં દિનેશ પરમાર પાસેથી રૂ. 1 કરોડ ઉછીના લીધા હતા. જેના બદલામાં તેમણે રૂ. 45.20 લાખ વ્યાજ તરીકે ચૂકવ્યા હતા. બાદમાં દબાણ વધતાં દિપકભાઈ મારફતે રૂ. 60 લાખ મુડી રૂપે આંગડિયા દ્વારા ચુકવવામાં આવ્યાં હતા. તેમ છતાં દિનેશ પરમાર દ્વારા વ્યાજની ઉઘરાણી ચાલુ રાખવામાં આવી હતી. ફરિયાદી ગેરહાજર હોય ત્યારે તેમના મોટાભાઈ આબીદઅલી તથા સાળા નજરમહમદ પાસેથી દબાણપૂર્વક કોરા ચેક પર સહી કરાવી લેવામાં આવી હતી અને લખાણ પણ લેવામાં આવ્યું હતું. ઉપરાંત નજરમહમદ પાસેથી તેમના ઘરે જઈ રૂ. 10 લાખ પણ લઈ લેવામાં આવ્યા હતા.

આ રીતે વ્યાજખોરોએ ટુકડે ટુકડે મળી કુલ રૂ. 1.41 કરોડ વસૂલ્યા હોવા છતાં હજુ પણ રૂ. 50 લાખની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી છે. સાથે જ સહી કરેલા ચેકના ખોટા કેસમાં ફસાવવાની, ઉઠાવી લઈ જવાની તેમજ પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમની સેલૂનની દુકાન પણ કબજે કરી લેવામાં આવી હોવાનો આક્ષેપ છે. સમગ્ર મામલે પોલીસે દિનેશ પરમાર અને દિપકભાઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંજલપુરના જ્યુપિટર ચાર રસ્તા પાસે મસમોટો ભૂવો પડતા વાહનચાલકોમાં ફાળ

■ માંજલપુર વિસ્તારમાં આવેલા જ્યુપિટર ચાર રસ્તા પાસે અચાનક રોડ વચ્ચે એક મસમોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે. ઉનાળાની ઋતુની હજુ તો શરૂઆત જ થઈ છે ત્યાં મુખ્ય માર્ગ પર ભુવો પડતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે આશ્ચર્ય અને ભય ફેલાયો છે. અગાઉ વડોદરામાં માત્ર ભારે વરસાદને કારણે જમીન પોચી પડતા ભુવા પડતા હતા, પરંતુ હવે કોઈપણ ઋતુમાં ભુવા પડવા એ સામાન્ય બાબત બની ગઈ છે.

માલિકો સહિત ચાર આરોપીએ બુલેટ ટ્રેન પ્રોજેકટમાં રૂ.2 કરોડ મેળવી લીધા

જમીનના સોદામાં યુનિક ડેવલોપર્સના ભાગીદારો સાથે કરોડોની છેતરપિંડી

ડેવલોપર્સના ભાગાદારોએ મૂળ માલિકોને 2.56 કરોડ ચૂકવ્યાં માત્ર રૂ. 15.59 લાખ ચૂકવવાના બાકી હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

અકોટા વિસ્તારમાં આવેલી માલિકો પાસેથી જમીન યુનિક ભાગીદારી પેઢીના ભાગીદારો દ્વારા રૂ. 2.72 કરોડમાં ખરીદી હતી. જેમાંથી બિલ્ડરોએ રૂ.2.56 કરોડ ચુકવી દીધા હતા. ત્યારબાદ પણ માલિકો સાથે મળીને ચાર શખ્સોએ ખોટા જમીનનું ખોટુ પેઢી નામુ બનાવી બુલેટ ટ્રેન પ્રોજેકટમાં રજૂ કરી રૂ.2,00,76,798 રૂપિયા પોતાના ખાતામાં મેળવી યુનિક ભાગીદારી પેઢી સાથે છેતરપિંડી આચરવામાં આવી છે. જેથી ડેવલોપર્સ દ્વારા છેતરપિંડની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડોદરાના તાંદલજા વિસ્તારમાં આયશા વિલામાં રહેતા સલમાન અબ્દુલ રઝાક પટેલે નોધાવેલી ફરિયાદ મુજબ તેમના પિતા અબ્દુલ પટેલ, ભાઈઅનિષ પટેલ તથા મારાતા માતા રાશીદાબેન પટેલ તેમજ અન્ય 14 લોકોએ યુનિક ડેવલોપર્સના નામથી પેઢી બનાવી હતી. વર્ષ 2022મા યુનિક ડેવલોપર્સ પેઢીએ વડોદરા તાલુકાના અકોટા વિસ્તારમાં આવેલી જમીન માલિકો પાસેથી ડેવલપમેન્ટ કરાર તથા બાનાખત કરાર મુજબ મેળવેલીના જમીનના મૂળ માલિકોને રૂ. 2.72 કરોડ ચુકવવાના નકકી થયા હતા. જે પૈકી રૂ. 66 લખ મૂળ મોલિકોને ભાગીદારી પેઢી દ્વારા ચૂકવી દેવાયા છે. દબાણ દુર કરવા માટે ખર્ચાયેલા રૂ. 21 લાખ ત્યારબાદ બચેલી રકમ પણ મૂળ માલિકોને ચૂકવી દેવાઈ છે. જમીન માલિકોએ ભાગીદારી પેઢી દ્વારા બનાવાયેલા અકોટા ટાઉનશીપ નામની સ્કીમમાંથી 28 પ્લોટો વેચાણ અવેજની બાકી રહેલી રકમ પેટે રૂ.2.56 કરોજકરોડ ચુકવી દીધા બાદ પણ માત્ર 15.59 લાખ જમીન માલિકો ચુકવવાના બાકી છે. તેમ છતાં અમારી યુનિક ડેવલોપર્સ ભાગીદારી પેઢી વથી હશન કડુને કુલમુખત્યાર લખી આપ્યું હતુ. જેનો લાભ લઈને મૂળ જમીન માલિકોએ સાથે મળી ખોટા પેઢીનામુ કરીને આરોપી ઈલ્યાસ અલી બાપુ, જુબેર મુસા બાબરે બુલેટ ટ્રેન પ્રોજેકટમાં રજૂ કરીને રૂપિયા 2 કરોડની માતબર રકમ જમીન માલિકો પૈકી આરોપી જુબેર મુસા બાબરના ખાતમા રૂ. 1.66 કોરજ મેળી લીધા હતા. જ્યારે હસન કડુ પટેલે પોતાના ખાતામાં રૂ. 47.93 લાખ, ગુલામહંમદ શેખના ખાતમાં રૂ.34.15 લાખ, આમ કુલ મળી રૂ. 2 કરોડ જેટલી રકમ મેળવી લઈ ભાગીદારી પેઢી સાથે ઠગાઈ આચરી છે. જેથી પોલીસે ચાર લોકો સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાડે ફેરવવા લીધેલી રૂ. 12 લાખની કાર ઠગે બારોબાર અન્યને પધરાવી દીધી

ફતેગંજમાં રહેતા કાર માલિક સાથે ઠગાઈ, અગાઉ કાર લઈ ગયા બાદ પરત આપી વિશ્વાસ કર્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા ના તાંદલજા વિસ્તારમાં રહેતા શખ્સ રૂ. 12 લાખની કાર ભાડે ફેરવવા માટે લઈ ગયો હતો. નક્કી કરીને દિવસ બાદ પણ આ ઠગ દ્વારા કાર પરત આપતો ન હતો. કાર માલિકે ચેક કરાવતા જીપીએસ નું લોકેશન છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતેનું મળ્યું હતું. કાર પરત નહીં મળતા વેપારીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં સરદાર બજાર ખાતે રહેતા અને 'વીવીઆઈપી કાર રેન્ટલ' નામે વ્યવસાય કરતા નુરૂલહક્ક ચૌહાણ પાસેથી 5 ફેબ્રુઆરીના રોજ આતાઉર રહેમાન મેમણે ફોન કરી પરિવાર સાથે ડભોઈ જવા 5 દિવસ માટે ડીઝલ કાર ભાડે ફેરવવા માંગણી કરી હતી. અગાઉ પણ કાર આતાઉર રહેમાન મેમણ કાર ભાડે લઈ જઈ સમયસર પરત આપી ગયો હોવાથી વેપારીએ વિશ્વાસ રાખી ડભોઈ જવા માટે ફરીવાર કાર ભાડે આપી હતી.

પરંતુ આતાઉર રહેમાન રહેમાને નક્કી કરેલી તારીખ 10 ફેબ્રુઆરીએ કાર પરત આપવા આવ્યો ન હતો. શક જતા વેપારીએ જીપીએસ મારફતે તપાસ કરતાં કાર છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક હોવાનું જાણવા મળ્યું હતું. કાર માલિકે ફોન કરતા આરોપીએ ગાડી અન્ય વ્યક્તિને આપી હોવાનું કહી સમય પસાર કર્યો હતો.

આરોપીએ લાંબા સમય સુધી ખોટા વાયદાઓ કરીને કાર પરત ન કરતાં અંતે વેપારીએ પોતે છેતરપિંડીનો ભોગ બન્યો હોવાનું જણાવી જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી આતાઉર રહેમાન મેમણ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પાલિકા દ્વારા લોકભાગીદારી વધારવા આયોજન

વડોદરામાં 'વનડેવનરોડ'નોધમધમાટ: 90થી વધુ રસ્તાઓ દબાણમુક્ત કરાયા

રસ્તાની સફાઈ, પેવર બ્લોક રિપેરિંગ અને બ્યુટીફિકેશન માટે તંત્ર સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરને સ્વચ્છ, સુંદર અને ટ્રાફિકમુક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે મહાનગરપાલિકા દ્વારા 'વન ડે વન રોડ' અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આજે વડોદરાના મ્યુનિસિપલ કમિશનરની સીધી ઉપસ્થિતિમાં વોર્ડ નંબર 17માં આવેલા મસિયા તળાવ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની અને સફાઈની સઘન કામગીરી હાથ ધરાઈ હતી.

વોર્ડ નંબર 17માં મસિયા તળાવની આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી રસ્તા નડતરરૂપ અને ગેરકાયદેસર દબાણોનો પ્રશ્ન હતો. મ્યુનિસિપલ કમિશનર, અન્ય ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કાફલાની હાજરીમાં આ વિસ્તારમાં લાઈન માર્જિન અને રોડ માર્જિનની બહાર નીકળેલા કાચા-પાકા દબાણો તેમજ કામચલાઉ સ્ટ્રક્ચરોને દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ રસ્તાઓ પહોળા કરી ટ્રાફિકની સમસ્યા હળવી કરવાનો છે. કમિશનરે આ ઝુંબેશ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, શહેરના ચારેય ઝોનમાં આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં સાઉથ ઝોનમાં 55, ઈસ્ટ ઝોનમાં 15, નોર્થમાં 11 અને વેસ્ટ ઝોનમાં અંદાજે 15 જેટલા

રોડ પર આ ઝુંબેશ પૂર્ણ કરવામાં આવી છે. મુલાકાત દરમિયાન શહેરમાં સ્થાપિત ઈ-ટોયલેટ બંધ હાલતમાં હોવાનો મુદ્દો પણ ચર્ચાયો હતો. કમિશનરે આ અંગે ગંભીર નોંધ લેતા જણાવ્યું હતું કે, તેમણે પોતે સ્થળ મુલાકાત લઈ સમીક્ષા કરી છે અને તમામ ઈ-ટોયલેટની નિયમિત ચકાસણી કરી તેને સત્વરે કાર્યરત કરવા સૂચના આપી દીધી છે. મ્યુનિસિપલ કમિશનરે વડોદરાના નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે, શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર કોર્પોરેશનની નથી, પરંતુ તમામ નાગરિકોની છે. આગામી દિવસોમાં આ ઝુંબેશમાં શાળાઓના ઈકો-ક્લબ અને કોલેજના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓને પણ જોડવામાં આવશે, જેથી શહેરમાં એક નવી 'સિવિક સેન્સ' અને સફાઈ પ્રત્યે જાગૃતિ લાવી શકાય.

સુપરહિટ નાટક 'આઈ લવ યુ ક્રિષ્ણા' પરથી બનશે ભવ્ય ગુજરાતી ફિલ્મ

વ્રજભૂમિ અને વડોદરાના નયનરમ્ય લોકેશન્સ પર થશે શૂટિંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.18

જે પરિવારના સભ્યો ભેગા મળી હસે છે, નક્કી એ ઘરમાં શ્રીકૃષ્ણ વસે છે. આ માત્ર એક સંવાદ નથી, પરંતુ હજારો પરિવારોના હૃદયને સ્પર્શી ગયેલી એક સંવેદના છે. વડોદરાના આંગણેથી શરૂ થયેલા અને દેશ-વિદેશમાં સેંકડો હાઉસફુલ શો દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરનાર લોકપ્રિય નાટક 'આઈ લવ યુ ક્રિષ્ણા' હવે રૂપેરી પડદે કમાલ કરવા તૈયાર છે. કૃષ્ણ ભક્તિ અને શુદ્ધ પારિવારિક મનોરંજન પીરસતી આ કૃતિને હવે ભવ્ય ગુજરાતી ફીચર ફિલ્મમાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરાઈ છે.

છેલ્લા 30 થી વધુ વર્ષોથી મનોરંજન જગતમાં સિરિયલો, નાટકો અને ફિલ્મો દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરનાર 'ચક્ર રાજ ફિલ્મ્સ' આ પ્રોજેક્ટનું નિર્માણ કરી રહ્યું છે.ફિલ્મને

ટેકનિકલ રીતે સજ્જ બનાવવા માટે અનુભવી કસબીઓની ફોજ કામે લાગી છે, જેમાં પંકજ કુમાર સાથે વર્ષોથી કાર્યરત એવોર્ડ વિજેતા લેખક-દિગ્દર્શક મનોજ નથવાણી આ ફિલ્મને ડાયરેક્ટ કરી રહ્યા છે. જાણીતા સિનેમેટોગ્રાફર વિપુલ પટેલ ફિલ્મને કેમેરામાં કંડારવાની સાથે પોસ્ટ-પ્રોડક્શનની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. ફિલ્મના દ્રશ્યોમાં રોમાંચ ભરવા માટે ઈરફાન પીરઝાદા અને જ્હોની માસ્ટર એક્શન ડિરેક્ટર તરીકે જોડાયા છે. સંગીતની ઊંડી સમજ ધરાવતા પિયુષ કહાર ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને ગીતોમાં વિશેષ યોગદાન આપી રહ્યા છે.

15 વર્ષીય સગીરાનું અપહરણ થતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોરા તા.18

હરણી વારસિયા રિંગ પર રહેતી 15 વર્ષીય સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરવામા આવ્યું છે. જેથી સગીરાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સગીરા તથા અપહરણકારની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરના હરણી વારસિયા રિંગ રોડ પર એક શ્રમિક પરિવાર ભાડાના મકાનમાં રહીને મજૂર કરીને જીવનગુજરાન ચલાવે છે. ત્યારે આ આ ગરીબ પરિવારની 15 વર્ષીય સગીર દીકરાને એક યુવક લગ્નની લાલચ આપીને ભગાડી ગયો હતો. દીકરીના પરિવાર દ્વારા ઘણી શોધખોળ કરાઈ પરંતુ સગીરાનો કોઈ પતો લાગ્યોન હતો. જેથી સગીરાના માતાએ દીકરાનું અપહરણ કરાયુ હોવાની ફરિયાદ વારસીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. ત્યારે પોલીસ દ્વારા સગીરા અને આરોપીની શોધખોળના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

મ્યુઝિક કોલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ સાધ્યો

મૈત્રેય દ્વારા સુરેલ સંધ્યા - સિતાર વાદનની એક અનોખી મહેફિલ

રાગ યમન સમેત બીજા અનેક શાસ્ત્રીય રાગની પ્રસ્તુતિ કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરા શહેરના પ્રસિદ્ધ દોઢસો વર્ષ જુના શ્રી સિદ્ધનાથ ગણપતિ મંદિર ખાતે સુરેલ સંધ્યા - સિતાર વાદન મહેફિલનું આયોજન મૈત્રેય દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલ્યાણી દેશપાંડે - લેલે દ્વારા સિતારવાદન તેમજ યશ સોમણના તબલાવાદનની જુગલબંધી પ્રસ્તુત કરવામાં આવી હતી. બંને કલાકાર ખાસ આ કાર્યક્રમ માટે પુણેથી પધાર્યા હતા.

કલ્યાણી તેમજ યશ સોમણ દ્વારા રાગ દેશ તેમજ રાગ યમન અને બીજા અનેક શાસ્ત્રીય રાગની પ્રસ્તુતિ કરવામાં આવી તેમજ હિન્દી અને મરાઠી ભક્તિ ગીત, અભંગ, સુગમ

સંગીત તેમજ ફિલ્મી ગીતોની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રેયસી મંત્રવાદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલ્યાણી દેશપાંડે લેલેએ જણાવ્યું હતું કે, તેમનો આ વડોદરામાં પહેલો જ કાર્યક્રમ હતો. જે દરમિયાન તેમને પ્રેક્ષકો દ્વારા મળેલા અદભુત પ્રતિસાદ દ્વારા તેઓ ખૂબ જ અભિભૂત થઈ ગયા હતા તેમજ તેમને આનંદની લાગણી થઈ હતી. તેમણે મ્યુઝિક કોલેજની મુલાકાત લઈ ત્યાંના વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ સાધ્યો હતો. મૈત્રેયની સ્થાપના ત્રણ મિત્રો અનિરુદ્ધ કોલ્હટકર, શ્રીકાંત કેળકર અને સચિન ભટ્ટ દ્વારા કરવામાં આવી છે, તેમજ આગામી દિવસોમાં પણ મૈત્રેય દ્વારા ઉભરતા કલાકારો માટે આ રીતે મંચ પૂરો પાડવામાં આવશે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

શહેર ટ્રેનોમાં ચોરી કરી આંતર રાજ્ય ચોરી ગેંગનો પર્દાફાશ, બે ઝડપાયા

આરોપીઓ પાસેથી એક્ટીવા, 14 મોબાઇલ ફોન, 2 લેપટોપ, 1 ટેબલેટ, ચાર્જર, વાઇફાઇ રાઉટર સહિત રૂ.4.99 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા પશ્ચિમ રેલ્વે લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા મિશન સેફ સ્ટેશન અભિયાન અંતર્ગત આંતર રાજ્ય ચોરી કરતા ગેંગના બે આરોપીઓને ઝડપી પાડીને ઝડપી પાડ્યાં છે. તેમની પાસેથી રૂ.4.99 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

વડોદરા રેલવે એલસીબી પીઆઇ ટી વી પટેલની સુચના હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી. ત્યારે મળેલી બાતમી અને ટેક્નિકલ એનાલિસિસના આધારે આરોપી આયુષ ઉર્ફે લક્કી ડાગા અને પ્રિતેશ ઉર્ફે સોનું પંચાલને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી એક્ટીવા, 14 મોબાઈલ ફોન, 2 લેપટોપ, 1 ટેબલેટ, ચાર્જર, વાઈફાઈ રાઉટર સહિત રૂ.4.99 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓ વડોદરા અને વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન ઉપરાંત મુંબઈના ખારગર સાયબર ક્રાઈમ, ભુવનેશ્વર રેલ્વે પોલીસ સ્ટેશન અને ઉજ્જૈન સંબંધિત ગુનાઓમાં પણ સંડોવાયેલા હોવાની કબૂલાત કરી હતી.